PAGE NO.:

Name : Joshi Krishna M

Roll. No. : 269
PRN. No. : COC2025269

Sem : 1

Course Name : Inclusive Education And Psychological Strategies

Joshi Krishna. M

# પ્રશ્નાવલી પદ્ધતિ

પ્રશ્નાવલી વર્તનિક સંશોધનોમાં માહિતી એકત્ર કરવાનું અને સંશોધન સમસ્યાઓનું અધ્યયન કરવાનું ઘણું પ્રચલિત અને લોકપ્રિય સાધન છે. પ્રશ્નાવલી એક એવા પ્રશ્નોની હારમાળા હોય છે જેમાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા હોય છે જેને ધ્યાનપૂર્વક વાંચીને ઉત્તરદાતા તેનો ઉત્તર પોતાના અનુભવના આધારે આપે છે અને ત્યારબાદ તે પ્રશ્નાવલી સંશોધનકર્તાને પરત કરે છે. મોટાભાગે પ્રશ્નોને એક પુસ્તિકાના રૂપમાં છપાવી દેવામાં આવે છે જેને પ્રશ્નાવલી પુસ્તિકા કહેવામાં આવે છે.

- **પ્રશ્નાવલી ની વ્યાખ્યા :**

→ " સામાન્ય રીતે પ્રશ્નાવલી એક એવું સાધન છે જેના એક ફોર્મની મદદથી ઉત્તર આપવામાં આવે છે તથા જેનો ઉત્તરદાતા સ્વયં ભરે છે."

- ગુડે તથા હાટ

→ " મોટા ભાગે એવા કોઈ પણ સાધન માટે 'પ્રશ્નાવલી' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે જેમાં એવા પ્રશ્નો કે વિગતો હોય છે જેનો ઉત્તર વ્યક્તિ પોતે આપે છે."

- એફ. એન. કરલિંગર

આ પ્રકારની વ્યાખ્યાઓ અન્ય સંશોધન વૈજ્ઞાનિક દ્વારા પણ આપવામાં આવી છે. આ વ્યાખ્યાઓનું વિશ્લેષણ કરતા આપણે નીચેના નિષ્કર્ષ પર પહોંચી શકીએ.

Joshi Krishna. M.

(1) પ્રશ્નાવલીમાં પ્રશ્નોની કડી અથવા હારમાળા હોય છે એટલે કે જ્યારે સંશોધન સમસ્યાના પરિવર્ત્યોનું માપન કરવા માટે તે પરિવર્ત્ય સાથે સંબંધિત કેટલાંય પ્રશ્નો એક સાથે તૈયાર કરવામાં આવે છે તો આ પ્રશ્નોની હારમાળાને પ્રશ્નાવલી કહેવામાં આવે છે.

(2) પ્રશ્નાવલીને એક ફોર્મ ના રૂપમાં તૈયાર કરવામાં આવે છે જેમાં પ્રશ્ન, તેના ઉત્તરો માટેના વિકલ્પો અને ઉત્તર માટે જગ્યા, ઉત્તરદાતાનું નામ, સરનામું, લાયકાત વગેરે લખવા માટે પણ પર્યાપ્ત જગ્યા હોય છે.

(3) પ્રશ્નાવલીની એક વિશેષતા એ પણ છે કે તેને ઉત્તરદાતા પોતે જ વાંચે છે તથા પુસ્તિકામાં છાપવામાં આવેલ પ્રશ્નોના ઉત્તર પણ પોતે જ આપે છે, એટલા માટે પ્રશ્નાવલીને સ્વ-રીપોર્ટ માપન પણ કહેવામાં આવે છે.

• **પ્રશ્નાવલીના પ્રકારો :**

-> શેલી નામના શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક ના અનુસાર શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં જેટલી પણ પ્રશ્નોના ઉપયોગ કરવામાં આવે છે અને બે ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. 1) ખુલ્લા સ્વરૂપની 2) બંધ સ્વરૂપની.

-> પ્રશ્નાવલીના પ્રકારો અલગ-અલગ વિદ્વાનોએ અલગ-અલગ દર્શાવ્યાં છે જેમ કે લુન્ડબર્ગ અનુસાર પ્રશ્નાવલીના બે પ્રકારની છે 1) માહિતી સંબંધી પ્રશ્નાવલી. 2) મનોવલણ સંબંધી પ્રશ્નાવલી. જ્યારે પી.વી. યંગે પ્રશ્નાવલીના ઉપયોગમાં લેવામાં આવેલ વિગતો કે પ્રશ્નોના આધારે પ્રશ્નાવલીના બે પ્રકાર દર્શાવ્યા છે. 1) બંધ પ્રશ્નોવાળી પ્રશ્નાવલી, 2) ખુલ્લા પ્રશ્નોવાળી પ્રશ્નાવલી. યંગે જ પ્રશ્નાવલીની રચના આધારે પ્રશ્નાવલીના અન્ય બે પ્રકાર બતાવ્યાં છે. 1) સંરચિત 2) અસંરચિત.

PAGE NO.:
DATE: / /

Joshi Krishna. M.

કર્લિંગરે એ પ્રશ્નાવલીના બે પ્રકારો દર્શાવ્યાં છે.-
1) નિશ્ચિત કે સીમિત વિગતવાળી પ્રશ્નાવલી. 2) વિસ્તૃત વિગતવાળી પ્રશ્નાવલી. અહીં પ્રશ્નાવલી મુખ્ય છ પ્રકારોની ચર્ચા કરવામાં આવી છે.

## 1. નિશ્ચિત અથવા સીમિત વિગતોવાળી પ્રશ્નાવલી :
### ( બંધ સ્વરૂપની પ્રશ્નાવલી )

આ પ્રકારની પ્રશ્નાવલીને બંધ પ્રશ્નાવલી પણ કહેવામાં આવે છે. આ પ્રશ્નાવલીની વિગતો કે પ્રશ્નોનું સ્વરૂપ એવું હોય છે કે જેનો ઉત્તર સીમાબદ્ધ અથવા નિયંત્રિત હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રત્યેક પ્રશ્ન કે વિગતના અમુક નિશ્ચિત ઉત્તરો આપી દેવામાં આવે છે. અને આ જ ઉત્તરોમાંથી પસંદ કરીને ઉત્તરદાતા પોતાની પ્રતિક્રિયા આપે છે. અહીં આપેલ વિકલ્પોમાંથી જ ઉત્તરદાતાએ જવાબ આપવાનો હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં નીચે મુજબના પ્રશ્નો હોય છે.

1. તમે મનોવિજ્ઞાનમાં ગ્રેજ્યુએટ શા માટે થયા ?
   (અ) મનોવિજ્ઞાન એક રસપ્રદ વિષય છે.
   (બ) અન્ય વિષયોની તુલનામાં તે સરળ છે.
   (ક) સ્પર્ધાત્મક પરીક્ષામાં તેનું વિશેષ મહત્વ છે.
   (ડ) માતા-પિતા કે શિક્ષકની સલાહના લીધે.

2. તમને અંધારાની બીક લાગે છે ? હા / ના

આમ, બંધ પ્રશ્નાવલીમાં ઉત્તરદાતાએ આપવામાં આવેલ વિકલ્પોમાંથી પોતાનો ઉત્તર પસંદ કરવાનો હોય છે. આ વિકલ્પોમાંથી કોઈ એક ઉત્તર દરેક ઉત્તરદાતા માટે સાચો ન પણ હોઈ શકે અને એવું પણ ન બની શકે કે એક જ સરખો ઉત્તર દરેક ઉત્તરદાતા આપે.

PAGE NO.:
DATE: / /

Joshi Krishna. M.

નિશ્ચિત કે સીમિત વિગતવાળી પ્રશ્નાવલીનો સફળતાપૂર્વક પ્રયોગ કરવા માટે અમુક પૂર્વધારણા કરવામાં આવે છે, જે નીચે મુજબ છે.

-> નિદર્શ એટલે કે અભ્યાસમાં સામેલ કરવામાં આવેલ વ્યક્તિઓનો સમૂહ પ્રશ્નાવલીના વિષય-વસ્તુ થી સારી રીતે પરિચિત હોવો જોઈએ.

-> સંશોધનકર્તા ને અગાઉથી એ ખબર હોવી જોઈએ કે નિદર્શ દ્વારા આપવામાં આવનાર સંભવિત ઉત્તરોનું વિશિષ્ટ સ્વરૂપ કેવું હશે. જેમ કે ધારો કે સંશોધનકર્તા રાજકીય પક્ષો પ્રત્યેક વ્યક્તિઓના મનોવલણનો અભ્યાસ કરી શક્યો છે તો આવી પરિસ્થિતિમાં સંશોધનકર્તાને ખબર હોવી જોઈએ કે વ્યક્તિઓ દ્વારા આપવામાં આવનાર ઉત્તર અમુક મુખ્ય રાજકીય પક્ષો જેવા કે કોંગ્રેસ, ભારતીય જનતા પક્ષ વગેરે સુધી સીમિત રહેશે.

નિશ્ચિત કે સીમિત વિગતોવાળી પ્રશ્નાવલીના લાભ તથા મર્યાદાઓ નીચે મુજબ છે.

## લાભ

-> આ પ્રકારની પ્રશ્નાવલીનું સ્કોરિંગ ઘણું આસાન હોય છે.

-> નિશ્ચિત કે સિમિત પ્રતિક્રિયાવાળી વિગતો કે પ્રશ્નોમાં ઉત્તરદાતાએ કંઈ લખવું પડતું નથી. તે માત્ર આપવામાં આવેલ ઉત્તરોમાંથી જેને તે પોતાના માટે સાચો ઉત્તર માને છે, તેના પર એક ચિહ્ન કરીને પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરે છે. તેનાથી ખાસ કરીને એવા ઉત્તરદાતાઓનો અધિક લાભ થાય છે જે કોઈ કારણોસર પોતાના વિચાર શાબ્દિક રીતે વ્યક્ત કરવામાં અસમર્થ હોય છે.

-> આ પ્રકારના ઉત્તરો આપવામાં ઓછો સમય લાગે છે. જે

PAGE NO.:
DATE: / /

Joshi Krishna. M.

આવા પ્રશ્નો કે વિગતોવાળી પ્રશ્નાવલી લાંબી હોય, પણ ઉત્તરદાતાને તેના જવાબો આપવામાં વર્ણનાત્મક ઉત્તરોની તુલનામાં ઓછો સમય લાગે છે.

## મર્યાદાઓ

-) નિશ્ચિત કે સીમિત પ્રતિક્રિયાવાળા પ્રશ્નોની એક મર્યાદા એ બતાવવામાં આવી છે કે સંશોધનકર્તા ઉત્તરદાતા સમક્ષ બધા તર્કપૂર્ણ અને સંગત વિકલ્પો નથી મુકી શકતો. તેનું મુખ્ય કારણ એ છે કે સંશોધનકર્તાએ પ્રત્યેક પ્રતિક્રિયા, વિકલ્પો સામાન્ય રીતે એક સીમિત સંખ્યામાં જેમ કે બે, ત્રણ કે ચાર સંખ્યામાં આપવાના હોય છે અને આ વિકલ્પોમાં તે બધા પ્રકારના સંગત વિકલ્પો દર્શાવી શકતો નથી. પરિણામે સંશોધનકર્તા આવા ઉત્તરો કે પ્રતિક્રિયાઓથી જે માહિતી મળે છે તે વધુ વૈજ્ઞાનિક કે તર્કસંગત નથી પણ હોતી.

-) આ પ્રકારના પ્રશ્નોના જવાબ આપવામાં ઉત્તરદાતા ઘણીવખત ઝડપથી જવાબો આપતા હોય છે, આથી તેઓ પ્રતિક્રિયા વિકલ્પોને સરખી રીતે વાંચ્યાં વગર જ કોઈ એક વિકલ્પ પર ચિહ્ન કે ટીક કરીને ઉતાવળે જવાબ આપી દે છે. આ પ્રકારની પ્રતિક્રિયા વૃત્તિ ખાસ કરીને એ પ્રશ્નાવલી ઓમાં અધિક જોવા મળે છે જેની લંબાઈ વધુ હોય છે.

## 2. વિસ્તૃત - વિગતોવાળી પ્રશ્નાવલી :
## ( ખુલ્લા સ્વરૂપની પ્રશ્નાવલી )

આ પ્રકારની પ્રશ્નાવલીને ખુલ્લી પ્રશ્નાવલી પણ છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં ઉત્તરદાતા આપવામાં આપેલ પ્રશ્નોનો જવાબ પોતાના શબ્દોમાં આપે છે, અહીં

Joshi Krishna. M.

સંશોધનકર્તા દ્વારા પ્રશ્નોના જવાબ માટે કોઈ પ્રતિક્રિયા વિકલ્પ આપવામાં આવતા નથી. ઉત્તરદાતા આપવામાં આવેલ પ્રશ્નોને વાંચીને, તેને સમજીને તેનો ઉત્તર પોતાના શબ્દોમાં પ્રશ્નોની નીચે આપવામાં આવેલ ખાલી જગ્યામાં લખે છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર એ એક પંક્તિમાં કે એકથી અધિક પંક્તિઓમાં આપી શકે. આ પ્રકારના પ્રશ્નો નીચે મુજબ હોઈ શકે.

1. તમે મનોવિજ્ઞાનમાં ગ્રેજ્યુએટ શા માટે થયા ?
2. આધુનિક શિક્ષણ પદ્ધતિમાં કઈ-કઈ મર્યાદાઓ છે ?
3. પોલીસ ખાતામાં ભ્રષ્ટાચાર દૂર કરવા માટે તમારા સૂચનો જણાવો.

આમ, સ્પષ્ટ છે કે વિસ્તૃત વિગતવાળા પ્રશ્નોમાં ઉત્તરદાતા આપવામાં આવેલ ઉત્તરોના આધારે તેના ઉત્તરના કારણો અને સંદર્ભ ની પણ ખબર પડે છે.

## લાભ

→ આ પ્રકારની પ્રશ્નાવલી એ પરિસ્થિતિમાં ઘણી લાભદાયક સાબિત થાય છે જ્યાં સંશોધનકર્તાને નિદર્શ કે અધ્યયનમાં સામેલ કરવામાં આવેલ વ્યક્તિઓ વિશે જે પૂર્વ માહિતી મળી છે, તે અપર્યાપ્ત છે. ઉત્તરદાતાએ આવા પ્રશ્નોના ઉત્તર વિગતવાર કે વિસ્તૃત રીતે આપવાના હોય છે, એટલા માટે તે પોતાના ઉત્તરના માધ્યમથી પોતાના મનોવલણો, મત, જ્ઞાન વગેરેની પૂર્ણ અભિવ્યક્તિ કરે છે. આથી માત્ર તેના ઉત્તરોના આધારે જ સંશોધનકર્તા ઉત્તરદાતા વિશે મહત્વપૂર્ણ માહિતી પ્રાપ્ત કરી લે છે.

→ વિસ્તૃત-વિગતવાળી પ્રશ્નાવલી એ પરિસ્થિતિમાં પણ અધિક લાભદાયક સાબિત થાય છે જ્યાં સંશોધનકર્તા ઉત્તરદાતાની

Joshi Jaimshree. M.

સંગઠનાત્મક ક્ષમતા, આંતરસૂઝયુક્ત વર્તન વગેરે વિશે ગહન માહિતી પ્રાપ્ત કરવા માંગે છે. ફુકમેન દ્વારા એક અભ્યાસ કરીને બતાવવામાં આવ્યું છે કે વિસ્તૃત-વિગતવાળી પ્રશ્નાવલી દ્વારા ઉત્તરદાતાની સંગઠનાત્મક ક્ષમતા તથા આંતરસૂઝયુક્ત વર્તનને જેટલું ગહન રીતે મળી શકાય છે. તેટલું નિશ્ચિત કે સીમિત વિગતવાળી પ્રશ્નાવલી દ્વારા નથી મળી શકાતું.

## મર્યાદાઓ

-> આ પ્રકારની પ્રશ્નાવલીની સૌથી મોટી મર્યાદા એ બતાવવામાં આવી છે કે આવા પ્રશ્નોની પ્રત્યે આપવામાં આવેલ ઉત્તર કે પ્રતિક્રિયાઓનું વૈજ્ઞાનિક રીતે વર્ગીકરણ કરી તેના પરથી એક ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચવું ઘણું કઠિન છે. પ્રશ્નાવલીના એક જ પ્રશ્નના વિભિન્ન ઉત્તરદાતાઓ દ્વારા આપવામાં આવેલ ઉત્તર એક સમાન લાગે, પરંતુ ખરેખર તો પ્રત્યેક ઉત્તરદાતાના ઉત્તરનો અર્થ અલગ-અલગ હોઈ શકે છે તથા તેનુ મુલ્ય પણ અલગ-અલગ હોઈ શકે.

-> આ પ્રકારની પ્રશ્નાવલીનો પ્રયોગ એ પરિસ્થિતિમાં નથી કરી શકાતો જ્યારે નિદર્શ કે અભ્યાસમાં સામેલ કરવામાં આવેલ વ્યક્તિઓમાં શાબ્દિક રીતે કે મૌખિક રીતે પોતાને અભિવ્યક્ત કરવાની ક્ષમતા નથી હોતી.

-> વિસ્તૃત વિગતવાળી પ્રશ્નાવલીની એક મર્યાદા એ પણ બતાવવામાં આવી છે કે તેના દ્વારા સંશોધન સમસ્યા વિશે માહિતી એકત્રિત કરવામાં ઘણો સમય લાગે છે. ઘણા બધા ઉત્તરદાતા એવું અનુભવે છે કે દરેક પ્રશ્નોના ઉત્તર આપવામાં ઘણો સમય લાગે છે આથી તેઓ આ પ્રશ્નોના ઉત્તર આપવામાં કોઈ રસ દાખવતા નથી.

Joshi Krishna. M.

PAGE NO.:
DATE: / /

## મિશ્રિત પ્રશ્નાવલી

મિશ્રિત પ્રશ્નાવલી એવી પ્રશ્નાવલીને કહેવામાં આવે છે જેમાં કોઈ એક પ્રકારના પ્રશ્નો ન હોતા અનેક પ્રકારના પ્રશ્નો હોય છે. આવી પ્રશ્નાવલીમાં બંધ પ્રશ્નો, ખુલ્લા પ્રશ્નો, ચિત્રમય પ્રશ્નો, અસંરચિત પ્રશ્નો વગેરેમાંથી કોઈ પણ પ્રકારના પ્રશ્નો હોય છે. કોઈ વિશેષ માહિતી અથવા વિચાર પ્રાપ્ત કરવા માટે જે પ્રકારના પ્રશ્નોને સૌથી અધિક ઉપયુક્ત બનાવવામાં આવે છે તેના આ પ્રકારની પ્રશ્નાવલીમાં સમાવેશ કરવામાં આવે છે. હકીકત એ છે કે સામાજિક માહિતી એટલી જટિલ અને વિવિધતાપૂર્વક હોય છે કે કોઈ એક પ્રકારના પ્રશ્નો દ્વારા જ તેને એકત્ર કરવું ઘણું કઠિન કાર્ય છે. વિષયનું વ્યાપક અને ગહન અધ્યયન કરવા માટે મિશ્રિત પ્રશ્નાવલીનો ઉપયોગ કરીને જ વિશ્વસનીય માહિતી પ્રાપ્ત કરી શકાય છે. તેથી સામાજિક સર્વેક્ષણ તથા સંશોધનમાં મિશ્રિત પ્રશ્નાવલીનો ઉપયોગ સૌથી વધુ થાય છે.

- **પ્રશ્નાવલીનું મહત્વ અથવા લાભ :**

પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરવામાં પ્રશ્નાવલી પદ્ધતિ ઘણી મહત્વની છે. તેના કેટલા ગુણ કે લાભના કારણે માહિતી આસાનીથી એકત્ર કરી શકાય છે.

**1. નિષ્પક્ષ અભ્યાસ :**

પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતી વખતે પ્રશ્નાવલીને સંશોધનકર્તા નથી ભરતો પરંતુ ઉત્તરદાતા ભરે છે. ઉત્તરદાતા સમજી - વિચારીને પ્રશ્નોના ઉત્તર આપે છે. આથી સંશોધનકર્તાની અનઉપસ્થિતના કારણે તેના મનોવલણો, પક્ષપાત, અને પૂર્વગ્રહની અસર અભ્યાસના પરિણામો પર પડતી નથી.

PAGE NO.:
DATE: / /

Joshi Krishna. M. [signature]

2. વસ્તુલક્ષી અભ્યાસ :

જ્યારે સંરચિત પ્રશ્નાવલી દ્વારા અભ્યાસ કરવામાં આવે છે ત્યારે આ અભ્યાસ તુલનાત્મક રીતે વધુ નિષ્પક્ષ હોય છે. નિષ્પક્ષતાના કારણે અભ્યાસ અને અભ્યાસનું પરિણામ વસ્તુલક્ષી હોય છે.

3. મોટી સમષ્ટિના અભ્યાસમાં ઉપયોગી :

પ્રશ્નાવલી પદ્ધતિની સૌથી મોટી ઉપયોગિતા એ છે કે તેની મદદથી ઓછામાં મોટી સમષ્ટિનો અભ્યાસ કોઈ મુશ્કેલી વગર થઈ શકે છે. સમષ્ટિના એકમો દૂર-દૂર સુધી ફેલાયેલા હોય તો પણ પ્રશ્નાવલી દ્વારા સરળતાથી તેનો અભ્યાસ થઈ શકે છે.

4. શીઘ્ર અભ્યાસ :

પ્રશ્નાવલી પદ્ધતિમાં પ્રશ્નાવલીને સંશોધનકર્તા નહીં પરંતુ ઉત્તરદાતાઓ ભરતા હોવાથી અભ્યાસ સંબંધી માહિતી અન્ય પદ્ધતિની તુલનાએ બહું ઝડપથી પ્રાપ્ત કરી શકાય છે. આ પદ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં ઓછામાં ઓછો સમય લાગે છે.

5. ન્યૂનતમ ખર્ચ :

પ્રશ્નાવલી પદ્ધતિ અન્ય પદ્ધતિઓ કરતાં ઓછી ખર્ચાળ છે કારણ કે તેમાં સમય ઓછો લાગે છે. બીજું એ કે પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા એક જ સમયે અનેક વ્યક્તિઓ પાસેથી માહિતી એકત્ર કરી શકાય છે.

6. ન્યૂનતમ શ્રમ :

પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતી વખતે સહાયક સંશોધનકર્તાની આવશ્યકતા ઓછામાં ઓછી પડે છે. આથી આ પદ્ધતિમાં કામ ઓછામાં ઓછું કરવું પડે છે.

PAGE NO.:
DATE: / /

Joshi Krishna. M.

7. સરળ અને સુવિધાજનક પદ્ધતિ :

માહિતી એકત્રીકરણની અન્ય પદ્ધતિઓની સરખામણીમાં પ્રશ્નાવલી પદ્ધતિ સરળ અને સુવિધાજનક છે. સિન પાઓ પંગ પણ જણાવે છે કે " પ્રશ્નાવલી, વિશાળ અને વિસ્તૃત ક્ષેત્રમાં ફેલાયેલા વ્યક્તિઓના અમુક પાસેથી માહિતી પ્રાપ્ત કરવાની શીઘ્રતમ અને સરળતમ પદ્ધતિ છે.

8. વિશ્વસનીયતાની ચકાસણી શક્ય :

પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા એકત્રિત માહિતીની વિશ્વસનીયતાની ચકાસણી સરળતાથી કરી શકાય છે. તેના માટે સૌથી સરળ ઉપાય એ છે કે અમુક સમય બાદ એ જ અમુક પાસેથી ફરી વખત માહિતી એકત્ર કરવામાં આવે. બન્ને વખતની માહિતી વચ્ચે જેટલી સમાનતા હોય છે, વિશ્વસનીયતા એટલી જ અધિક હોય છે.

9. સ્વસંચાલનની સુવિધા :

પ્રશ્નાવલી એક સ્વસંચાલિત સાધન છે જેને ઉત્તરદાતા પોતે ભરે છે. પ્રશ્નાવલીને ભરાવવા માટે સંશોધનકર્તાની ઉપસ્થિતિ જરૂરી નથી.

10. માહિતીની આંકડાકીય વિશ્લેષણની સંભાવના :

પ્રશ્નાવલી જ્યારે સંરચિત હોય છે અથવા પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત ઉત્તરોને જ્યારે અંકમાં પરિવર્તિત કરી શકાય છે ત્યારે આવા અંકવાળી માહિતીનું વિશ્લેષણ ~~આંકડાકીય~~ આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા કરી શકાય છે.

Joshi Krishnaa. M.

PAGE NO.:
DATE: / /

**11. યથાર્થ માહિતી :**

પ્રશ્નાવલી દ્વારા જે માહિતી પ્રાપ્ત થાય છે તે વિશ્વસનીય તો હોય જ છે, સાથે-સાથે યથાર્થ પણ હોય છે કારણ કે પ્રશ્નાવલી એ વ્યક્તિઓ પાસેથી જ ભરાવવામાં આવે છે જેના માટે પ્રશ્નાવલી બનાવવામાં આવી હતી અને આ ઉત્તરદાતાઓ સંશોધનકર્તાની અનઉપસ્થિતમાં પોતાની સૂઝબૂઝથી દબાણમુક્ત થઈને પ્રશ્નાવલીના ઉત્તરો સાચા આપે છે.

- **પ્રશ્નાવલીના ગેરલાભ અથવા મર્યાદાઓ :**

**1. શિક્ષિત અભ્યાસ એકમો (સદસ્યો) સુધી સીમિત :**

પ્રશ્નાવલી પદ્ધતિમાં પ્રશ્નાવલીને ઉત્તરદાતા પોતે ભરે છે. આથી જે લોકો અભણ છે તેઓ તો પ્રશ્નાવલીને ભરી જ નથી શકતા, પરંતુ જે લોકો ઓછું ભણેલા છે તેઓ પણ પ્રશ્નાવલીના પ્રશ્નોને સારી રીતે સમજી શકતા નથી અને ઉત્તર લખી શકતા નથી. આમ, પ્રશ્નાવલી પદ્ધતિની ઉપયોગિતા માત્ર શિક્ષિત અભ્યાસ એકમો (સદસ્યો) સુધી સિમિત રહી જાય છે.

**2. અપૂર્ણ માહિતીઓ :**

પ્રશ્નાવલીને જ્યારે ઉત્તરદાતા પરત આપે છે તો પરત કરવામાં આવેલ પ્રશ્નાવલીમાં અમુક પ્રયુક્તિઓએ ઘણા પ્રશ્નો ઉત્તર આપ્યા વગર છોડી દીધા હોય છે જેથી પ્રશ્નાવલી દ્વારા મળતી માહિતી અધૂરી રહે છે.

**3. પ્રત્યુત્તરની સમસ્યા :**

પ્રશ્નાવલીની પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતી વખતે એક મોટી સમસ્યા એ નડે છે કે અનેક ઉત્તરદાતાઓ પ્રશ્નાવલીને પરત મોકલતા જ નથી. ટપાલ દ્વારા મોકલવામાં આવેલ પ્રશ્નાવલીઓમાં આ સમસ્યા સૌથી વધુ

Joshi Krishna, M.

PAGE NO.:
DATE: / /

જોવા મળે છે. ટપાલ દ્વારા મોકલવામાં આવેલ પ્રશ્નાવલીમાંથી ૨૫ થી 30 ટકા જ પરત આવે છે.

4. **અસ્પષ્ટ લખાણ :**

ઉત્તરદાતાઓ પાસેથી જે પ્રશ્નાવલીઓ ભરીને પરત આવે છે તેમા ઘણી બધી પ્રશ્નાવલીઓ એવી હોય છે જેમાં ઉત્તરદાતાનું લખાણ વાંચી શકાય તેવુ નથી હોતું. વિસ્તૃત વિગતવાળી પ્રશ્નાવલીમાં આ સમસ્યા ખાસ જોવા મળે છે. લખાણ વાંચી શકાય તેવું ન હોવાથી પ્રશ્નાવલીના પ્રશ્નોના જવાબનું વિશ્લેષણ અને વર્ગીકરણ કરવામાં ઘણી મુશ્કેલી પડે છે.

5. **ગહન અભ્યાસમાં મુશ્કેલી :**

પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતી વખતે ગહન અભ્યાસ કરવામાં મુશ્કેલી પડે છે. કારણ કે આ અભ્યાસ પદ્ધતિમાં સંશોધનકર્તા ઉત્તરદાતાની સામે ઉપસ્થિત નથી પણ હોતો, આથી તે ઉત્તરદાતાને પૂછી-પૂછીને ગહન અભ્યાસ નથી કરી શકતો.

6. **ભાવાત્મક ઉદ્દીપનનો અભાવ :**

પ્રશ્નાવલી પદ્ધતિમાં સંશોધનકર્તા ઉત્તરદાતા સમક્ષ ઉપસ્થિત નથી હોતો આથી તે ઉત્તરદાતાને ભાવાત્મક રીતે પ્રેરિત નથી કરી શકતો. આમ ઉત્તરદાતા પ્રેરિત ન હોવાથી પ્રશ્નોના ઉત્તરો સારી રીતે આપતો નથી.

7. **પ્રશ્નોની રચનામાં મુશ્કેલી :**

પ્રશ્નાવલી પદ્ધતિમાં પ્રશ્નાવલીની સફળતા મુખ્યત્વે એ બાબત પર નિર્ભર કરે છે કે પ્રશ્નાવલીના પ્રશ્નો અભ્યાસ સમસ્યા સાથે કેટલા સંબંધિત છે અને પ્રશ્ન ઉત્તરદાતા પાસેથી ઉત્તર કઢાવવામાં કેટલા અસરકારક છે. પ્રશ્નોનું નિર્માણ બધા સંશોધનકર્તાઓ નથી

Joshi Krishna. M.

કરી શકતા કારણ કે આ એક કઠિન કાર્ય છે અને અનુભવી સંશોધનકર્તા જ આ કાર્ય કરી શકે છે.

## 8. પ્રતિનિધિરૂપ નિદર્શની મુશ્કેલી :

જ્યારે અભ્યાસ સમૂહ મોટો અને અભ્યાસ એકમો દૂર-દૂર સુધી ફેલાયેલા હોય છે ત્યારે આ વિસ્તૃત સમૂહ માંથી પ્રતિનિધિરૂપ નિદર્શ પસંદ કરવો કઠિન છે. જો પ્રતિનિધિરૂપ નિદર્શની પસંદગી નથી થઈ શકતી અને જો નિદર્શ પસંદ થાય છે તેની પાસે જ પ્રશ્નાવલી ભરાવવામાં આવે છે તો આવા નિદર્શના અભ્યાસથી પ્રાપ્ત પરિણામો પણ આ મોટા સમૂહનું પ્રતિનિધિરૂપ નથી કરતાં.

## 9. અમુક અન્ય બાબતો :

(1) પ્રશ્નાવલી દ્વારા નાના બાળકોનો અભ્યાસ નથી કરી શકાતો (2) જ્યારે ઉત્તરદાતા ને કોઈ પ્રશ્ન ન સમજતો હોય ત્યારે સંશોધનકર્તાની ગેરહાજરીને કારણે તેઓ પ્રશ્નોને અધૂરા છોડી દે છે.
(3) જ્યારે પ્રશ્નાવલીમાં હા / ના વાળા પ્રશ્નો અથવા બહુવિકલ્પવાળા પ્રશ્નો હોય તો ઉત્તરદાતા ઘણીવખત વાંચ્યા-સમજ્યાં વગર જ ટીક માર્ક (✓) કરી દે છે.
(4) પ્રશ્નાવલીના ઉત્તરો પરથી એ અનુમાન લગાવવું મુશ્કેલ હોય છે કે કોણે જાણીજોઈને ખોટી માહિતી ભરી છે, અને કોણે બેપરવાહીથી ખોટી માહિતી ભરી છે.
(5) ઉત્તરદાતાઓના જ્યારે સાચા સરનામાની જાણ નથી હોતી ત્યારે તેઓને શોધવામાં અને તેઓની પાસે પ્રશ્નાવલી ભરાવવામાં મુશ્કેલી પડે છે.

PAGE NO.:
DATE: / /

Joshi Krishna. M.

# મુલાકાત પદ્ધતિ

મુલાકાત એક અભ્યાસ પદ્ધતિ છે અને અભ્યાસ સાધન પણ છે. જેની મદદથી મહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરવામાં આવે છે. અંગ્રેજી શબ્દ 'Interview' ને શબ્દોનો બનેલો છે એટલે કે Inter + View = Interview. અંગ્રેજી શબ્દ Inter નો અર્થ છે અંદર. અને View નો અર્થ - જોવું. આમ અંદર જોવાની પ્રક્રિયા એ જ મુલાકાત છે. અહીં જે વ્યક્તિનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે તેઓની આંતરિક બાબતોમાં ડોકયું કરવામાં આવે છે. મુલાકાત એક એવી પદ્ધતિ છે જેના દ્વારા આપણે અભ્યાસ એકમો (સદસ્યો) ના એવા અનુભવો અને વિચારો વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી શકીએ છીએ જેના વિશે આપણે પ્રત્યક્ષ રીતે કંઈ પણ દેખાતું નથી.

- **મુલાકાતની વ્યાખ્યા :**

સામાન્ય રીતે બે કે બેથી વધુ વ્યક્તિઓ દ્વારા કોઈ વિશેષ હેતુ માટે આમને - સામને અથવા મોઢામોઢ અથવા સામ - સામે કરવામાં આવેલ વાતચીતને જ મુલાકાત કહેવામાં આવે છે.

1 -> " મુલાકાત આમને - સામને કરવામાં આવેલ એક પરસ્પર વાર્તાલાપ છે જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી અમુક માહિતીઓ પ્રાપ્ત કરે છે."

- ડેન્ઝિન

2 -> " મુલાકાત એક આમને - સામને આંતરવૈયક્તિક ભૂમિકા પરિસ્થિતિ છે જેમાં એક વ્યક્તિ (મુલાકાત લેનાર) મુલાકાત આપનાર વ્યક્તિ ( ઉત્તરદાતા) નો સંશોધન

PAGE NO.:
DATE: / /

Joshi Krishna. m.

સમસ્યા સંબંધિત ઉત્તરો મેળવવા માટે પ્રશ્નો કરે છે."
- કર્લિંગર

3 -> " મુલાકાતનો અર્થ આમને-સામને મૌખિક વિચારોનું આદાન-પ્રદાન છે જેમાં મુલાકાત લેનાર એવો પ્રયત્ન કરે છે કે બીજુ વ્યક્તિ કે વ્યક્તિઓ પાસેથી તેની માન્યતાઓ, મતો, મનોવલણો અને વિચારો વિશે માહિતી પ્રાપ્ત કરી લેવામાં આવે."
- મેકોબી તથા મેકોબી

4 -> " મૌખિક રીતે જોઈએ તો મુલાકાત સામાજિક આંતરક્રિયાની એક પ્રક્રિયા છે."
- ગુડે અને હાટે

• **મુલાકાતના સ્વરૂપો :**

1. મુલાકાત એક આમને-સામેની પરિસ્થિતિ છે :

મુલાકાતમાં આમને-સામને પરિસ્થિતિ હોય છે જેમાં એક તરફ મુલાકાત લેનાર (મુલાકાત કર્તા) હોય છે બીજુ તરફ મુલાકાત આપનાર (ઉત્તરદાતા) ઉપસ્થિત હોય છે.

જો કે અમુક વૈજ્ઞાનિકોનો એવો પણ મત છે કે મુલાકાતમાં હંમેશા આમને-સામનેની પરિસ્થિતિ નથી હોતી. જેમ કે બ્લેક તથા ચેમ્પિયન નું માનવું છે કે મુલાકાત ટેલિફોન દ્વારા પણ લઈ શકાય છે. આવી મુલાકાતમાં આમને-સામને ની પરિસ્થિતિ નથી હોતી પરંતુ મોટા ભાગના વૈજ્ઞાનિકોનો એવો મત છે કે મુલાકાતને આમને-સામનેની જ પરિસ્થિતિ માનવામાં આવે.

Joshi Krishna. M.

2. મુલાકાતમાં પ્રશ્નો પૂછવામાં આવે છે તથા તેના ઉત્તરો શાબ્દિક રીતે આપવામાં આવે છે :

મુલાકાતમાં મુલાકાતકર્તા (મુલાકાત લેનાર) મુલાકાત આપનાર વ્યક્તિઓને શાબ્દિક રીતે પ્રશ્નો પૂછે છે જેનો ઉત્તર મુલાકાત આપનારે પણ શાબ્દિક રીતે આપવાનો હોય છે. સામાન્ય રીતે મુલાકાતમાં એક મુલાકાતકર્તા તથા એક મુલાકાત આપનાર વ્યક્તિ હોય છે કે એઓની વચ્ચે શાબ્દિક આદાન-પ્રદાન થાય છે પરંતુ મુલાકાતમાં વ્યક્તિઓની સંખ્યા બે થી વધુ પણ હોઈ શકે છે. કોઈ ખાસ મુલાકાતમાં એક થી વધુ મુલાકાતકર્તા હોઈ શકે છે તથા એક થી વધુ મુલાકાત આપનાર વ્યક્તિ પણ હોઈ શકે છે.

3. મુલાકાતમાં મુલાકાતકર્તા દ્વારા નહી કે ઉત્તરદાતા દ્વારા માહિતીઓની નોંધ કરવામાં આવે છે :

મુલાકાતની એક વિશેષતા એ પણ છે કે તેનાથી જે માહિતી પ્રાપ્ત થાય છે તેને મુલાકાતકર્તા દ્વારા નોંધવામાં આવે છે નહિ કે ઉત્તરદાતા દ્વારા. મુલાકાતની આ વિશેષતા પ્રયોગ તથા અન્ય નિરીક્ષણાત્મક પદ્ધતિઓની જેવી જ છે કારણ કે આ પદ્ધતિઓમાં પણ પ્રયોગકર્તા કે નિરીક્ષણકર્તા દ્વારા જ માહિતીની નોંધણી કરવામાં આવે છે.

4. મુલાકાતકર્તા તથા મુલાકાત આપનાર વ્યક્તિની વચ્ચેનો સંબંધ વિશિષ્ટ રીતે સંરચિત હોય છે :

મુલાકાતકર્તા તથા મુલાકાત આપનાર વ્યક્તિની વચ્ચેનો સંબંધ ખાસ રીતે સંરચિત હોય છે અથવા વ્યાખ્યાયિત હોય છે. જેમ કે મુલાકાતકર્તા તથા

PAGE NO.:
DATE: / /

Joshi Krishna M.

મુલાકાત આપનાર વ્યક્તિની વચ્ચેનો સંબંધ અલ્પકાલિન હોય છે. સમયગાળાની સાથે-સાથે પ્રશ્ન-ઉત્તરના રૂપમાં કરવામાં આવેલ સંવાદોચિત આદાન-પ્રદાન ની દ્રષ્ટિએ પણ મુલાકાત એક નિશ્ચિત બિંદુથી શરૂ થાય છે અને એક નિશ્ચિત બિંદુ પર સમાપ્ત થાય છે. આથી કહી શકાય કે અહીં મુલાકાતકર્તા તથા ઉત્તરદાતા ની વચ્ચે જે સંબંધ સ્થાપિત છે, તે અલ્પકાલિન હોય છે. એ જ રીતે એમ કહી શકાય કે મુલાકાતકર્તા તથા મુલાકાત આપનાર વ્યક્તિની વચ્ચેનો સંબંધ એવો હોય છે જેમાં બન્ને એક-બીજા માટે અપરિચિત હોય છે.

5. મુલાકાતના સ્વરૂપમાં ઘણું લચીલાપણું હોય છે :

મુલાકાતની એક વિશેષતા એ પણ છે કે તેમાં મુલાકાતકર્તા જેટલા વધુમાં વધુ પ્રશ્નો પૂછવા હોય તો પૂછી શકે છે. માહિતી એકત્રિત કરવાની બહું ઓછી પદ્ધતિ એવી છે જેમાં સંશોધનકર્તા માહિતી એકત્ર કરવામાં આટલું લચિલાપણું મળતું હોય છે.

- **મુલાકાતના પ્રકારો :**

(1) કાર્ય અનુસાર :

- → નિદાનાત્મક
- → ચિકિત્સાત્મક
- → સંશોધન
  - ↓ સંરચિત
  - ↓ અસંરચિત

Yoshi Krishna M.

(2) સહભાગી વ્યક્તિઓની સંખ્યા અનુસાર :

સહભાગી વ્યક્તિઓની સંખ્યા અનુસાર

- વ્યક્તિગત
- જૂથકીય
- મુલાકાત લેનાર એક જ હોય
- જૂથ કે પેનલ દ્વારા મુલાકાત

(3) સંપર્ક સમય અનુસાર :

→ ઓછા સમયની
→ વધારે સમયની

(4) મુલાકાત લેનાર અધિકારી અને આપનાર વ્યક્તિની ભૂમિકા અનુસાર :

→ બિનદિશાસૂચક
→ કેન્દ્રિય
→ ઊંડાણપૂર્વક
→ પુનરાવર્તિત

રામદત્ત શર્મા તેમના પુસ્તક માં મુલાકાતના બે પ્રકાર જણાવે છે :

1. ઔપચારિક મુલાકાત
2. અનૌપચારિક મુલાકાત.

→ મુલાકાતના અનેક પ્રકારો છે. આપણે સંરચિત મુલાકાત અને અસંરચિત મુલાકાત ની ચર્ચા કરીશું.

Joshi Krishna. M. [signature]

## અસંરચિત મુલાકાત

આ પ્રકારની મુલાકાતના અનેક નામ છે. જેમ કે - અનિર્દેશિત મુલાકાત, અનિયંત્રિત મુલાકાત, અપ્રમાણિત મુલાકાત તથા અમાર્ગદર્શક મુલાકાત. આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તાનું મુલાકાત પર કોઈ નિયંત્રણ નથી હોતું, એટલે કે મુલાકાત કરતા પહેલા મુલાકાતની સંરચનાનું નિર્ધારણ મુલાકાતકર્તા નથી કરતો. ડી. એન. શ્રીવાસ્તવ આ પ્રકારની મુલાકાતની વ્યાખ્યા આપતા કહે છે કે " અસંરચિત મુલાકાત એવી મુલાકાત છે કે જેમાં મુલાકાત સંરચના અગાઉથી નક્કી નથી હોતી અને મુલાકાતકર્તાને પોતાની સંશોધન સમસ્યાના સંબંધમાં પ્રશ્ન પૂછવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોય છે તથા મુલાકાતકર્તાને મુલાકાત પ્રક્રિયાને પરિવર્તિત કરવાની પણ સ્વતંત્રતા હોય છે. ઉત્તરદાતાના મનોભાવો અને મનોદશાઓ ની આવશ્યકતા અનુસાર કે મુલાકાત પ્રક્રિયામાં જરૂરી પરિવર્તન કરવા માટે સ્વતંત્ર હોય છે."

આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ અનેક અધ્યયનકર્તાઓએ પોતાના સંશોધનમાં સફળતાપૂર્વક કર્યો છે અને આ પ્રકારની મુલાકાતને અનેક રીતે ઉપયોગી ગણાવી છે.

આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ નૃવંશશાસ્ત્રીઓએ આદિમતિ સમાજની સમસ્યાના અભ્યાસ માટે કર્યો છે. મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર અને સમાજલક્ષી મનોવિજ્ઞાનની સમસ્યાઓના અભ્યાસો મુલાકાતની આ પદ્ધતિ દ્વારા ઘણા બધાં થયા છે. આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ સામાજિક સમસ્યાઓના અભ્યાસમાં તથા વ્યક્તિગત સમસ્યાઓના અભ્યાસમાં કરવામાં આવે છે.

PAGE NO.:
DATE: / /

Joshi Krishna. M.

આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તા પ્રશ્નોની યાદી, મુલાકાતની યોજના, મુલાકાત પ્રશ્નાવલી વગેરે અગાઉથી જ તૈયાર નથી કરતો. તે ઉત્તરદાતાની મુલાકાત લેતી વખતે જ ઉત્તરદાતાના મનોભાવો અને મનોદશાઓને જોઈને આવશ્યકતા અનુસાર જ પ્રશ્ન પૂછે છે અને સંશોધન સમસ્યાને લગતી માહિતી ઉત્તરદાતા પાસેથી એકઠી કરે છે. આ પ્રકારની મુલાકાતનું સંચાલન એવા જ મુલાકાતકર્તા કરી શકે છે જેઓને સંશોધનનું ઉચ્ચસ્તરીય જ્ઞાન છે અને મુલાકાત લેવાની ટેકનિકમાં કુશળ છે. કારણ કે ઉત્તરદાતાના મનોભાવો અને મનોદશાઓને ઓળખવી સરળ નથી. એ જ રીતે એ પણ સરળ નથી કે સંશોધન સમસ્યાના દરેક પાસાઓ પર સમયને ધ્યાનમાં રાખીને પ્રશ્નો કઈ રીતે પૂછવા ! આથી આવી મુલાકાતનું સંચાલન મુલાકાતકર્તા જ કરી શકે છે.

## લાભ :

### (1) સંશોધન સમસ્યાને લગતા પ્રશ્નો પૂછવાની સ્વતંત્રતા :

અસંરચિત મુલાકાતમાં અભ્યાસ કે સંશોધન સમસ્યાને લગતા પ્રશ્ન પૂછવાની સંશોધનકર્તાને પૂરેપૂરી સ્વતંત્રતા હોય છે. તેનો ફાયદો એ થાય છે કે મુલાકાતકર્તા સંશોધન સમસ્યાના બધા પાસાઓ વિશે મહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરી શકે છે.

### (2) ઉત્તરદાતાની મનોદશાઓ અને મનોભાવો અનુસાર અભ્યાસની સુવિધા :

અસંરચિત મુલાકાતમાં ઉત્તરદાતાની મનોદશાઓ અને મનોભાવો અનુસાર મુલાકાતકર્તાનો અભ્યાસ કરવાની સુવિધા હોય છે. મુલાકાતકર્તા ઉત્તરદાતાની જેવી મનોદશા જુએ છે તે આવશ્યકતાઅનુસાર

PAGE NO.:
DATE: / /

Joshi Krishna. m.

પ્રશ્નો પૂછે છે. જો ઉત્તરદાતા પોતાના અંગત અનુભવો અને અંગત વિચારોને વ્યક્ત કરવામાં સંકોચ અનુભવી રહ્યો છે તો તેના સંકોચને ધ્યાનમાં રાખીને મુલાકાતકર્તા પ્રશ્નો પૂછે છે.

(3) મુલાકાતની પ્રક્રિયાને ઇચ્છાનુસાર પરિવર્તિત કરવાની સ્વતંત્રતા :

અસંરચિત મુલાકાતમાં સંશોધન સમસ્યા વિશે અભ્યાસ કરતી વખતે મુલાકાતકર્તાને જો જરૂર લાગે તો તે મુલાકાતની પ્રક્રિયામાં ઇચ્છાનુસાર પરિવર્તન કરી શકે છે. આ પરિવર્તનનો ઉદ્દેશ્ય અભ્યાસ સમસ્યાને લગતી વધુમાં વધુ જાણકારી પ્રાપ્ત કરવાનો હોય છે.

(4) ગુપ્ત અને અંગત માહિતીઓ પ્રાપ્ત કરવામાં સહાયક :

આ પ્રકારની મુલાકાત પદ્ધતિમાં મુલાકાતકર્તાને આવશ્યકતા અનુસાર પ્રશ્ન પૂછવાની સ્વતંત્રતા હોવાને કારણે મુલાકાતકર્તા વાતચીત દ્વારા કલ્પનાના આધારે ઉત્તરદાતાના મન સુધી પહોંચી શકે છે. આ પ્રકારની મુલાકાત દ્વારા તે ઉત્તરદાતાના કુંઠિત આવેગો અને મનોવલણો વિશે પણ મહત્વની માહિતી પ્રાપ્ત કરી શકે છે.

(5) વિશ્વસનીય અને શુદ્ધ પરિણામ :

અસંરચિત મુલાકાત કુશળ અને અનુભવી મુલાકાતકર્તા દ્વારા લેવામાં આવે છે અને તેને પ્રશ્ન પૂછવાની પૂરે-પૂરી સ્વતંત્રતા હોય છે. આથી આ સુવિધાઓને કારણે મુલાકાત આપવા સંશોધનકર્તા સમસ્યાને લગતી મહત્વપૂર્ણ માહિતીઓ તો એકત્ર કરી શકે છે અને સાથે જ સંશોધન સમસ્યા વિશે શુદ્ધ અને વિશ્વસનીય પરિણામ પણ પ્રાપ્ત કરી શકે છે.

Joshi Krishna. M.

## મર્યાદાઓ

**(1) તાલીમી, અનુભવી અને કુશળ મુલાકાતકર્તાની આવશ્યકતા:**

આ પ્રકારની મુલાકાતનું સંચાલન સામાન્ય કે અકુશળ મુલાકાતકર્તા દ્વારા નથી થઈ શકતું. આ પ્રકારની મુલાકાત લેવા માટે જરૂરી છે કે મુલાકાતકર્તા તાલીમબદ્ધ, અનુભવી અને કુશળ હોય. એક મુશ્કેલી એ પણ છે કે આ પ્રકારના મુલાકાતકર્તા મળતા નથી તથા જે મુલાકાતકર્તાઓ ઉપલબ્ધ હોય છે તેઓને કુશળ બનાવવા માટે તાલીમ આપનાર નથી મળતાં.

**(2) મહત્વના પાસાઓની અનદેખી થવાની સંભાવના:**

આ પ્રકારની મુલાકાતમાં અગાઉથી કોઈ યોજના નથી હોતી. આથી મુલાકાત વખતે ઘણી વખત સમસ્યાના મહત્વના પાસાઓ વિશે માહિતી એકત્ર કરવાની રહી જાય છે.

**(3) અનાવશ્યક માહિતીનું એકત્રીકરણ:**

આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તા અગાઉથી કોઈ તૈયારી નથી કરતો. અગાઉથી કોઈ યોજના નથી બનાવતો. આવી મુલાકાત સમયે ઘણીવખત એવી માહિતી એકઠી કરી લે છે જે સંશોધન સમસ્યાના અભ્યાસ માટે જરૂરી નથી હોતી.

**(4) અસંતુલિત અભ્યાસ:**

અસંરચિત મુલાકાતમાં મુલાકાત લેનાર અને આપનાર બન્ને પર કોઈ પ્રકારનું નિયંત્રણ ન હોવાને કારણે સંશોધન સમસ્યાના અમુક પાસાઓ કે બાબતો વિશે વધારે માહિતી એકઠી થઈ જાય છે

PAGE NO.:
DATE: / /

Joshi Krishna, M

અને અમુક પાસાઓ વિશે થોડી માહિતી એકઠી થાય છે અને ઘણી વખત એવું પણ બને છે કે સંશોધન સમસ્યાના મહત્વના પાસાઓ કે બાબતો વિશે થોડી માહિતી એકઠી થઇ હોય અને જે બાબતો ઓછી મહત્વની છે તેને લાગતી વધુ માહિતી એકઠી થઇ ગઇ હોય. આ રીતે અસંરચિત મુલાકાત એ એક અસંતુલિત અભ્યાસ છે.

(5) પૂર્વગ્રહની અસર :

અસંરચિત મુલાકાતમાં મુલાકાતકર્તા પર કોઇ પ્રકારનું નિયંત્રણ નથી હોતું. તે મુલાકાતને લગતા પ્રશ્નો અગાઉથી તૈયાર નથી કરતો કે નથી કોઇ યોજના બનાવતો. આથી આવી સ્થિતિમાં આ પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતી વખતે એ સંભાવના ઘણી વધી રહે છે કે સંશોધનકર્તાની વ્યક્તિગત લાગણીઓ, ભાવનાઓ, મનોવલણો અને પક્ષપાતોની અસર મુલાકાત દ્વારા એકઠી કરવામાં આવેલ માહિતી પર અને તે માહિતી માટે સંબંધિત પરિણામો પર પડે છે.

(6) ગુણાત્મક માહિતી :

આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તા અગાઉથી મુલાકાત અનુસૂચિ, પ્રશ્નાવલી વગેરેનું નિર્માણ નથી કરતો, આથી આ પ્રકારની મુલાકાતથી જ્યારે કોઇ સંશોધન સમસ્યાનું અધ્યયન કરવામાં આવે છે ત્યારે જે માહિતી એકત્ર થાય છે તે માહિતી વર્ણનાત્મક સ્વરૂપમાં હોય છે અને શબ્દોમાં હોય છે. આવી વર્ણનાત્મક માહિતી ગુણાત્મક માહિતી કહેવામાં આવે છે કારણ કે આ માહિતીને સંખ્યાત્મક માહિતી અથવા માત્રાત્મક માહિતી મા ફેરવવામાં મુશ્કેલી પડે છે.

Joshi Krishna. m.

## સંરચિત મુલાકાત

આ પ્રકારની મુલાકાતના અનેક નામ છે જેમ કે - નિર્દેશિત મુલાકાત, નિયંત્રિત મુલાકાત, પ્રમાણિત મુલાકાત તથા માર્ગદર્શક મુલાકાત. આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તાનું મુલાકાત પર નિયંત્રણ હોય છે. ડી. એન. શ્રીવાસ્તવ આ પ્રકારની મુલાકાતની વ્યાખ્યા આપતા જણાવે છે કે " સંરચિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં મુલાકાતની સંરચના પૂર્વનિર્ધારિત હોય છે અને મુલાકાતકર્તાને સંશોધન સમસ્યાને લગતા નિશ્ચિત કે ચોક્કસ પ્રશ્નો સિવાય અન્ય પ્રશ્નો પૂછવાની સ્વતંત્રતા નથી હોતી તથા મુલાકાતકર્તાને મુલાકાતની પ્રક્રિયાને પર પરિવર્તિત કરવાની સ્વતંત્રતા નથી હોતી. મુલાકાતકર્તા નિર્ધારિત મુલાકાત પ્રક્રિયા અને નિર્ધારિત પ્રશ્નો દ્વારા જ ચોક્કસ સમયમાં નિષ્પક્ષ રહીને મુલાકાતને પૂરી કરીને માહિતીનું એકત્રીકરણ કરે છે."

સંરચિત મુલાકાત પદ્ધતિમાં મુલાકાતકર્તા મુલાકાત લેતા પહેલાં જ પ્રશ્નોનું નિર્માણ કરી લે છે. મોટા ભાગે આ રીતે બનાવવામાં આવતી પ્રશ્નાવલીને મુલાકાત અનુસૂચિ કહેવામાં આવે છે. તેમાં તૈયાર કરવામાં આવેલ પ્રશ્નો એક નિશ્ચિત ક્રમમાં હોય છે અને સંશોધન સમસ્યા સાથે સંબંધિત દરેક પાસાઓને લગતા હોય છે. મુલાકાતકર્તા આ પ્રશ્નાવલીમાં લખેલા પ્રશ્નોને જ પૂછે છે. મુલાકાત અનુસૂચિમાં પ્રશ્નો એ રીતે તૈયાર કરવા જોઈએ કે પ્રશ્નોના ઉત્તરોથી ગુણાત્મક માહિતીના બદલે માત્રાત્મક માહિતી પ્રાપ્ત થાય છે. આથી મુલાકાતકર્તાએ પોતાની મુલાકાત અનુસૂચિમાં એવા પ્રશ્નો તૈયાર કરવા જોઈએ જેનો ઉત્તર 'હા', 'ના' કે 'ખબર નથી', 'કંઈ કહી ન શકાય' વગેરેના રૂપમાં આપી શકાય. જેથી તેનું સ્કોરિંગ કરીને ઉત્તરદાતાના જવાબોને આંકડામાં ફેરવી શકાય છે અને માત્રાત્મક માહિતી પ્રાપ્ત થાય. નિશ્ચિત કે સીમિત વિગતોવાળા પ્રશ્નોથી ઉત્તરદાતા પર પણ નિયંત્રણ

Joshi Krishna, M.

રહે છે અને દરેક વ્યક્તિનો એક સરખા જ પ્રશ્ન પૂછવાનો રસ્તો સરળ થઈ જાય છે.

સંરચિત મુલાકાતનો સમય, સમયગાળો તથા સ્થળ નિશ્ચિત હોય છે. એટલે કે મુલાકાત કેટલા વાગ્યે શરૂ થશે, મુલાકાતનો સમયગાળો કેટલો હશે તથા મુલાકાત કયા સ્થળે લેવામાં આવશે વગેરે પૂર્વ નિશ્ચિત હોય છે. આમ, સંરચિત મુલાકાતમાં એક પ્રકારની ક્રમબદ્ધ મુલાકાત લેવામાં આવે છે કારણ કે તેમાં મુલાકાતની પ્રક્રિયા અને પ્રશ્નોનો ક્રમ નિશ્ચિત હોય છે. મોટાભાગે આ પ્રકારની મુલાકાતનું સ્વરૂપ વસ્તુલક્ષી હોય છે આ પ્રકારની મુલાકાતથી મોટા ભાગની જે માહિતી પ્રાપ્ત થાય છે તે આંકડાનાં સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. સંરચિત મુલાકાતની માહિતી જ્યારે આંકડાના સ્વરૂપમાં હોય છે ત્યારે આવી માહિતીનું વિશ્લેષણ આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા સરળતાથી કરી શકાય છે અને આ રીતે વિશ્વસનીય અને શુદ્ધ પરિણામ પ્રાપ્ત થાય છે. જો કે સંપૂર્ણ રીતે દરેક બાબતોને નિયંત્રિત કરવી કઠિન હોય છે.

સંરચિત મુલાકાતમાં પ્રશ્નો હંમેશા એવા નથી બનાવી શકાતા કે જેનાથી માત્રાત્મક કે સંખ્યાત્મક માહિતી જ પ્રાપ્ત થાય. જો આવું કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો પણ સંશોધન સમસ્યા સાથે સંબંધિત અમુક મહત્વના પાસાઓ કે બાબતો રહી જાય છે. સંશોધન સમસ્યાની આ બાબતો એવી હોય છે કે જેના માટે એવા પ્રશ્નો તો બનાવી શકાય છે જેનાથી ગુણાત્મક માહિતી પ્રાપ્ત થાય છે, પરંતુ એવા પ્રશ્નો નથી બનાવી શકાતા જેનાથી માત્રાત્મક માહિતી જ પ્રાપ્ત થાય. આથી મુલાકાતકર્તાએ બે વિકલ્પોમાંથી એક વિકલ્પ પસંદ કરવો પડે છે. (1) તે સંશોધન સમસ્યા સાથે સંબંધિત અમુક મહત્વપૂર્ણ પાસાઓનો

Joshi Krishna. M (signature)

અભ્યાસ ન કરે અને (૨) તે આ મહત્વપૂર્ણ પાસાઓ કે બાબતોને લગતા એવા પ્રશ્નો બનાવે જેનાથી ગુણાત્મક માહિતી પ્રાપ્ત થઇ શકે. આ મુશ્કેલીના કારણે અમુક સંશોધનકર્તાઓએ સંરચિત મુલાકાતમાં એક નવી પદ્ધતિ જેને અર્ધસંરચિત મુલાકાત કહેવામાં આવે છે તેનો વિકાસ કર્યો છે. અર્ધ સંરચિત મુલાકાત આમ તો સંરચિત મુલાકાત સાથે મળતી આવે છે. બન્ને વચ્ચે મુખ્ય અંતર માત્ર એક જ હોય છે અને તે એ છે કે અર્ધસંરચિત મુલાકાતમાં મુલાકાત અનુસૂચિમાં અમુક એવા પ્રશ્નો હોય છે જેનાથી માત્રાત્મક માહિતી માત્રાત્મક માહિતી પ્રાપ્ત થાય છે અને અન્ય પ્રશ્નો એવા હોય છે જેનાથી ગુણાત્મક માહિતી પ્રાપ્ત થાય છે.

## લાભ

(1) **પક્ષપાતની ઓછામાં ઓછી અસર :**

સંરચિત મુલાકાતમાં નિયંત્રણના કારણે મુલાકાતકર્તાના વ્યક્તિગત વિચારો અને પક્ષપાત કે પૂર્વગ્રહ વગેરેની અસર માહિતી એકત્રીકરણ પર ઓછામાં ઓછી પડે છે. આ પ્રકારની મુલાકાતમાં મુલાકાત લેનારની ભૂમિકાને નિયંત્રિત કરવાના પ્રયત્નો કરવામાં આવે છે જેનાથી તેના પૂર્વગ્રહની અસર અભ્યાસના પરિણામો પર ઓછામાં ઓછી પડે,

(2) **વસ્તુલક્ષિતા :**

સંરચિત મુલાકાત લેતા પહેલાં જ તેની પૂર્વ યોજના તૈયાર કરવામાં આવે છે અને આ યોજનામાં મુલાકાતકર્તા, ઉત્તરદાતા અને મુલાકાત પરિસ્થિતિને નિયંત્રિત કરીને મુલાકાત લેવામાં આવે છે. તેના પરિણામે મુલાકાત દ્વારા થયેલ અધ્યયન વસ્તુલક્ષી બને છે.

PAGE NO.:
DATE: / /

Joshi Krishna. M

(3) <u>માપનમાં ચોકસાઈ</u> :

આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તા પ્રશ્નોની રચના એ રીતે કરવાનો પ્રયત્ન કરે છે કે પ્રશ્નોના ઉત્તરોનું સંકેતીકરણ થઈ શકે. આ સંકેતીકરણના લીધે માપનમાં ચોકસાઈ આવે છે.

(4) <u>નિયંત્રિત પરિસ્થિતિઓમાં અભ્યાસ</u> :

સંરચિત મુલાકાત પદ્ધતિમાં મુલાકાતકર્તા, ઉત્તરદાતા, મુલાકાત સ્થળ, મુલાકાતનો સમયગાળો તથા મુલાકાતમાં પૂછાનાર પ્રશ્નો વગેરે પર નિયંત્રણ રાખીને અભ્યાસ કરવામાં આવે છે. તેનાથી સમસ્યાનો વૈજ્ઞાનિક અભ્યાસ થાય છે.

(5) <u>વિશ્વસનીય પરિણામ</u> :

સંરચિત મુલાકાતમાં અનેક પ્રકારના નિયંત્રણોને ધ્યાનમાં રાખીને માહિતીનું એકત્રીકરણ પ્રમાણિત મુલાકાત અનુસૂચિ દ્વારા કરવામાં આવે છે. તેથી આ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત અભ્યાસ પરિણામો વિશ્વસનીય હોય છે.

(6) <u>તુલનાત્મક અભ્યાસમાં સહાયક</u> :

સંરચિત મુલાકાતમાં અભ્યાસ વસ્તુલક્ષી પર આધારિત હોય છે એટલા માટે આ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત પરિણામો આંકડામાં મળે છે. પરિણામ આંકડામાં હોવાને કારણે તુલના કરવામાં સહાયક બને છે. મુલાકાતકર્તા પોતાના પરિણામોની તુલના અન્ય સંશોધનકર્તા દ્વારા પ્રાપ્ત પરિણામો સાથે સરળતાથી કરી શકે છે.

Joshi Krishna M. (Jr)

## મર્યાદા

(1) **નિષ્ક્રિય અભ્યાસ :**

સંરચિત મુલાકાત પદ્ધતિમાં મુલાકાતકર્તાની સક્રિય ભૂમિકા નથી હોતી. તેની ભૂમિકા નિષ્ક્રિય હોય છે કારણ કે તે માત્ર રેકોર્ડિંગ યંત્રની જેમ જ કાર્ય કરે છે, તેનાથી અભ્યાસમાં અપૂર્ણતાની સંભાવના રહે છે.

(2) **સ્વાભાવિકતાની કમી :**

સંરચિત મુલાકાતમાં મુલાકાત લેનાર અને આપનાર વચ્ચે આમને - સામનેનો વાર્તાલાપ સંપૂર્ણ મુક્ત નથી હોતો. આથી આ પ્રકારની મુલાકાતમાં આંતર- વૈયક્તિક ભૂમિકા સ્થિતિ માં આંતરક્રિયાઓના અભાવે સ્વાભાવિકતાનો પણ અભાવ રહે છે.

(3) **મુલાકાતના પ્રશ્નોના નિર્માણમાં મુશ્કેલી :**

સંરચિત મુલાકાતમાં સમસ્યાના અભ્યાસ પહેલાં જ મુલાકાત અનુસૂચિ તૈયાર કરી લેવામાં આવે છે. આ મુલાકાત અનુસૂચિમાં સંશોધનને લગતા અનેક પ્રશ્નો હોય છે. આ પ્રશ્નોને મુલાકાતકર્તા જ્યારે તૈયાર કરે છે ત્યારે વસ્તુલક્ષીતાનું ધ્યાન રાખે છે. વસ્તુલક્ષી પ્રશ્નો બનાવવા ઘણીવખત મુશ્કેલ હોય છે.

(4) **સૌહાર્દપૂર્ણ સંબંધોની કમી :**

સંરચિત મુલાકાતમાં મુલાકાતકર્તા શરૂઆતમાં ઉત્તરદાતા સાથે સૌહાર્દપૂર્ણ કે મૈત્રીપૂર્ણ સંબંધ સ્થાપિત કરી લે છે, પરંતુ એક વખત મુલાકાત શરૂ થઈ ગયા બાદ તે ઉત્તરદાતા સાથે વારં-વાર મૈત્રીપૂર્ણ સંબંધની વાત નથી કરતો, આ મુશ્કેલીના કારણે વાસ્તવિક ઉત્તર મળવામાં મુશ્કેલી પડે છે.

PAGE NO.:
DATE: / /

Joshi Krishna m

(5) **કૃત્રિમ ઉત્તર :**

આ પ્રકારની મુલાકાતમાં જે મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકઠી કરવામાં આવે છે તેમાં મોટાભાગના પ્રશ્નો વસ્તુલક્ષી હોય છે જેના ઉત્તર ઉત્તરદાતાએ 'હા', 'ના', કે 'ખબર નથી' વગેરેના રૂપમાં આપવાનાં હોય છે. મોટા ભાગે એવા બનવું છે કે ઉત્તરદાતા ગોપનીયતા કે ગુપ્તતાને કારણે અથવા અન્ય કોઈ કારણે 'ના' અથવા 'ખબર નથી' જેવો ઉત્તરો વધુ આપે છે.

(6) **યથાર્થતાની કમી :**

આ પદ્ધતિમાં મૈત્રીપૂર્ણ સંબંધોની કમી, કૃત્રિમ ઉત્તર અને મુલાકાતકર્તાની નિષ્ક્રિય ભૂમિકાને કારણે પ્રાપ્ત પરિણામોમાં યથાર્થતાની કમી હોય છે.

(7) **ઓછી ઉપયોગિતા :**

આ પ્રકારની મુલાકાતમાં એક મુશ્કેલી એ પણ હોય છે કે જે પ્રશ્ન ઉત્તરદાતાના વ્યક્તિગત જીવન સાથે સંબંધિત છે અથવા ઉત્તરદાતા માટે અંગત કે ગુપ્ત છે અથવા ઉત્તરદાતા ભયના કારણે સાચો જવાબ આપવા નથી માગતો વગેરે પ્રશ્નોના ઉત્તરો આ પ્રકારની પદ્ધતિ દ્વારા મુલાકાતકર્તાની નિષ્ક્રિય ભૂમિકાને કારણે અને પ્રશ્નોના વિશેષ સ્વરૂપને લીધે પ્રાપ્ત કરી શકાતા નથી આથી મુલાકાતની આ પદ્ધતિ દરેક પ્રકારની સમસ્યાઓના અભ્યાસ માટે ઉપયોગી નથી.

## મુલાકાત પ્રક્રિયાના સોપાનો

1. અભ્યાસ સમસ્યા અને ઉદ્દેશ્ય
2. મુલાકાતની યોજના અને તૈયારી
3. ઉત્તરદાતાની પસંદગી

PAGE NO.:
DATE: / /

Joshi Krishna M.

5. સહાયક મુલાકાતકર્તાની પસંદગી
6. મુલાકાતી અને સહાયક મુલાકાતકર્તાઓની તાલીમ
6. મુલાકાતનો સમય સ્થળ સમય
7. ઉપકરણ તથા સાધનોની પસંદગી અને તેનું નિર્માણ
8. મુલાકાતમાં નિયંત્રણ
9. મુલાકાત માર્ગદર્શિકા

## મુલાકાતનું સંચાલન

1. સાયુજ્ય સ્થાપન
2. વાર્તાલાપનો પ્રારંભ કરવો
3. સહાનુભૂતિપૂર્ણ સંબંધ
4. પ્રોત્સાહન અથવા પુનઃ સ્મરણ
5. ચીડ ઉત્પન્ન કરે તેવી બાબતોથી દૂર રહેવું
6. સમય અનુસાર પ્રશ્નો
7. અમુક અન્ય બાબતો
8. મુલાકાતની સમાપ્તિ

## મુલાકાતનાં ભૂલોના મુખ્ય સ્રોત

1. મુલાકાતકર્તાનું મનોવલણ
2. પ્રશ્નોની અબોધગમ્યતા
3. મુલાકાત પરિસ્થિતિમાં હાર્દિકતાની કમી
4. ઉત્તરદાતામાં પ્રેરણાની કમી
5. મુલાકાતનો લાંબો સમયગાળો

## મુલાકાત પદ્ધતિના ફાયદા અને ગુણ

(1) અમૂર્ત ધારણાઓનો અભ્યાસ :

મુલાકાત પદ્ધતિની સૌથી મોટી વિશેષતા એ છે કે આ પદ્ધતિ દ્વારા પ્રત્યક્ષ ન દેખાતી ધારણાઓનો અભ્યાસ પણ વિશ્વસનીય, યથાર્થ અને વૈજ્ઞાનિક

Joshi Krishna M.

રીતે કરી શકાય છે. વિચારો, આકાંક્ષાઓ, મનોવલણો, પૂર્વગ્રહો અને મતો વગેરેનો અભ્યાસ આ પદ્ધતિ દ્વારા સફળતાપૂર્વક કરી શકાય છે.

(2) <u>ભૂતકાળની ઘટનાઓનો અભ્યાસ</u> :

મુલાકાત પદ્ધતિ એક એવી પદ્ધતિ છે જેની મદદથી ભૂતકાળની ઘટનાઓ, ભૂતકાળની ઘટનાઓની અસરો અને ભૂતકાળની ઘટનાઓ સાથે સંબંધિત અનેક પાસાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ મુલાકાત પદ્ધતિ દ્વારા સફળતાપૂર્વક કરી શકાય છે.

(3) <u>ગોપનીય ઘટનાઓનો અભ્યાસ</u> :

સમાજલક્ષી મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રમાં ઘણી બધી એવી અભ્યાસ સમસ્યાઓ હોય છે જે વ્યક્તિઓના અંગત અનુભવો કે વ્યક્તિગત અનુભવો સાથે સંબંધિત હોય છે. આવી બાબતો અથવા તેની સાથે સંબંધિત સમસ્યાઓનું અધ્યયન મુલાકાત પદ્ધતિ દ્વારા સફળતાપૂર્વક કરી શકાય છે.

(4) <u>બહુ આયામી અભ્યાસ</u> :

મુલાકાત પદ્ધતિ દ્વારા કોઈ એક સમસ્યાના માત્ર એક જ પાસાનો કે અમુક જ પાસાઓના અભ્યાસ નથી થતો, પરંતુ કોઈ એક સમસ્યા સાથે સંબંધિત વધુમાં વધુ અથવા દરેક પાસાઓનો અભ્યાસ આ પદ્ધતિ દ્વારા કરી શકાય છે. આથી મુલાકાત એક બહુ આયામી અભ્યાસ પદ્ધતિ છે.

(5) <u>વસ્તુલક્ષી અભ્યાસ</u> :

જ્યારે મુલાકાત નિયંત્રિત પ્રકારની હોય છે. પ્રમાણિત પરિસ્થિતિમાં લેવામાં આવે છે. મુલાકાતની અનુસૂચિઓની રેટિંગ તુલાઓનો ઉપયોગ કરવામાં આવે છે અને મુલાકાતકર્તા નિષ્પક્ષ રહીને અભ્યાસ

PAGE NO.:
DATE: / /

Joshi Krishna M.

કરે છે, તો આવી પરિસ્થિતિમાં મુલાકાત દ્વારા કરવામાં આવતો અભ્યાસ વસ્તુલક્ષી અભ્યાસ હોય છે.

(6) મૈત્રીપૂર્ણ સંબંધોનો લાભ :

મુલાકાતમાં મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કરવાની સરળતા રહે છે અને આ સરળતાના કારણે મુલાકાતકર્તા ઉત્તરદાતા પાસેથી વધુ ને વધુ જાણકારી પ્રાપ્ત કરી શકે છે.

(7) બાળકો તથા અશિક્ષિત વ્યક્તિઓના અભ્યાસમાં ઉપયોગી :

બાળકો અને અશિક્ષિત વ્યક્તિઓ સાથે સંબંધિત સમસ્યાઓના અભ્યાસમાં મુલાકાત પદ્ધતિ ઘણી ઉપયોગી છે. મુલાકાત પદ્ધતિની મદદ વડે બાળકો અને અશિક્ષિત વ્યક્તિઓ પાસેથી મહત્વપૂર્ણ માહિતી સરળતાથી એકઠી કરી શકાય છે.

(8) નૈદાનિક અભ્યાસોમાં ઉપયોગી :

મુલાકાત પદ્ધતિ વિભિન્ન સામાજિક સમસ્યાઓ જેવી કે બેકારી, ભ્રષ્ટાચાર, ગરીબી વગેરેના કારણોની શોધ કરવામાં તથા તેના નિવારણમાં ઉપયોગી થઈ પડે છે.

(9) વિશ્વસનીય અને યથાર્થ પરિણામ :

જ્યારે મુલાકાતકર્તા વિશ્વસનીયતા અને યથાર્થતા ઉચ્ચ રહે તે રીતે મુલાકાત પદ્ધતિ દ્વારા અભ્યાસ કરે છે ત્યારે મુલાકાત પદ્ધતિ દ્વારા વિશ્વસનીય અને યથાર્થ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

Joshi Krishna M.

# મુલાકાત પદ્ધતિના ગેરલાભો અને મર્યાદાઓ તથા તેનું નિવારણ

(1) **કુશળ મુલાકાતકર્તાઓનો અભાવ :**

મુલાકાતની ટેકનિકલ વિશેષતાઓને ધ્યાન રાખીને જે મુલાકાત લેવાની હોય તો કુશળ મુલાકાતકર્તાની જરૂર પડે છે. એવા મુલાકાતકર્તા જેને મુલાકાત પ્રક્રિયાની ટેકનિકલ જાણકારી હોય અને તેનામાં વાર્તનિક વિશેષતાઓ અને વર્તનની કુશળતાઓ પણ હોય, તેવા મુલાકાતકર્તા બહુ ઓછા મળે છે. ટેકનિકલ જ્ઞાન અને વાર્તનિક વિશેષતાઓ માટે મુલાકાતકર્તાને તાલીમ આપવી જરૂરી હોય છે.

(2) **અચોર રેકોર્ડિંગમાં મુશ્કેલી :**

મુલાકાત પદ્ધતિ દ્વારા સંશોધન સમસ્યાનો અભ્યાસ કરતી વખતે અચોર કે શુદ્ધ રેકોર્ડિંગમાં મુશ્કેલી એટલા માટે પડે છે કારણ કે દરેક મુલાકાતકર્તાને મુલાકાત પેનલ, મુવી કેમેરા, ટેપ-રેકોર્ડર વગેરે સરળતાથી પ્રાપ્ત નથી હોતા. જ્યાં સુધી આ સાધનો ઉપલબ્ધ ન હોય ત્યાં સુધી મુલાકાતકર્તાએ મુલાકાત પ્રક્રિયા આગળ ન વધારવી જોઈએ.

(3) **ખર્ચાળ અભ્યાસ પદ્ધતિ :**

મુલાકાત પદ્ધતિ દ્વારા સંશોધન સમસ્યાઓનો અભ્યાસ અન્ય પદ્ધતિઓ કરતા વધુ ખર્ચાળ છે. તે જો સમયે વધુ ખર્ચાળ હોય છે, જ્યારે મુલાકાતમાં મુલાકાતકર્તાઓની પેનલ હોય છે અને મુલાકાત લાંબા સમય સુધી ચાલે છે, તથા ઉત્તરદાતાઓની સંખ્યા વધુ હોય છે. આ ખર્ચને ઓછો કરવા માટે મુલાકાતનો સમયઘટાડો શકાય છે તથા મુલાકાતકર્તાઓની પેનલ નાની કરી શકાય છે.

PAGE NO.:
DATE: / /

Joshi Krishna M.

## (4) મુલાકાતકર્તાના પૂર્વગ્રહની અસર :

મુલાકાત પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતી વખતે માહિતી એકઠી કરવાના સમયે મુલાકાતકર્તાના વ્યક્તિગત પૂર્વગ્રહના કારણે મુલાકાત અને તેના પરિણામો દૂષિત બને છે. મુલાકાત અને તેના દ્વારા એકઠી કરવામાં આવેલ માહિતીને મુલાકાતકર્તાની વ્યક્તિગત ભાવનાઓ, મનોવલણો અને પક્ષપાતોથી દોષમુક્ત રાખવા માટે એ આવશ્યક છે કે મુલાકાતકર્તાને સારી રીતે તાલીમબદ્ધ કરવામાં આવે, જેથી તે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અપનાવીને સમસ્યાનો અભ્યાસ કરે.

## (5) કૃત્રિમ ઉત્તર :

મુલાકાત પદ્ધતિની એક સૌથી મોટી મર્યાદા એ છે કે ઉત્તરદાતા વાસ્તવિક કે સાચા ઉત્તરો મુલાકાતકર્તાને આપતા નથી. ઘણીવખત તો એવું જોવા મળે છે કે જ્યારે ઉત્તરદાતાને એ ખબર પડી જાય છે કે મુલાકાતકર્તા કયા પ્રકારના જવાબોની અપેક્ષા રાખે છે, ત્યારે આવી પરિસ્થિતિમાં ઉત્તરદાતા એવા જ જવાબો આપે છે જે મુલાકાતકર્તા ઈચ્છે છે. આ મર્યાદાને દૂર કરવા માટે મુલાકાતકર્તાએ મુલાકાત લેતી વખતે ઉત્તરદાતાનો વિશ્વાસ એ રીતે જીતી લેવો જોઈએ, જેથી કૃત્રિમ ઉત્તરોની જગ્યાએ વાસ્તવિક અને સાચા ઉત્તર જ મળે.

## (6) વિશ્વસનીય માહિતીનો અભાવ :

મુલાકાત જ્યારે અસંરચિત હોય છે, મુલાકાતમાં જ્યારે પ્રમાણિત સ્થિતિઓનો અભાવ હોય છે, અથવા રેકોર્ડિંગનો અભાવ હોય છે, અને મુલાકાતકર્તા કુશળ નથી હોતો ત્યારે વિશ્વસનીય માહિતી એકઠી કરવામાં મુશ્કેલી પડે છે.

Joshi Krishna m.

PAGE NO.:
DATE: / /

(7) મૈત્રીપૂર્ણ સંબંધ સ્થાપવામાં મુશ્કેલી :

જ્યારે એક વિદ્વાન, સુટ-બુટ ધારણ કરેલો વ્યક્તિ એક ગરીબ અને સાધારણ ઉત્તરદાતા સાથે મૈત્રીપૂર્ણ સંબંધ સ્થાપવાની વાત કરે છે, તો સાધારણ ઉત્તરદાતાને તેની વાત પર વિશ્વાસ નથી બેસતો. તેને એવુ લાગે છે કે મુલાકાતકર્તા તેની માહિતીનો દુરુપયોગ કરી શકે છે, આથી આવી પરિસ્થિતિમાં મૈત્રીપૂર્ણ સંબંધ સ્થાપવામાં મુશ્કેલી પડે છે, અને સાચી માહિતી એકત્ર નથી થઈ શકતી. આ સમસ્યાને દૂર કરવા માટે મુલાકાતકર્તાએ પ્રથમ જે તે સમૂહની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, સમાજ સુધારકો, નેતાઓ વગેરેની મુલાકાત લેવી જોઈએ અને તેઓના માધ્યમથી કે તેની મદદથી સમૂહના અન્ય લોકોની મુલાકાત લેવી જોઈએ.

(8) સ્મરણ શક્તિ પર નિર્ભરતા :

મુલાકાતની સફળતા સામાન્ય રીતે ઉત્તરદાતાની સ્મરણશક્તિ પર જ નિર્ભર કરે છે. જ્યારે મુલાકાતકર્તા એવા ઉત્તરદાતાઓ પાસેથી માહિતી એકત્ર કરે છે, જેઓની જે તે ઘટના વિશેની સ્મૃતિ ક્ષીણ થઈ ગઈ છે, ત્યારે સંશોધનના પરિણામો દૂષિત બને છે. આવી પરિસ્થિતિમાં મુલાકાતકર્તાએ અન્ય પદ્ધતિઓ દ્વારા સમસ્યાનો અભ્યાસ કરવો જોઈએ. મુલાકાત દ્વારા માત્ર એવી જ ઘટનાઓ કે સમસ્યાઓનો અભ્યાસ કરવો જોઈએ જેની સ્મૃતિઓ ઉત્તરદાતાના માનસપટલ પર તાજી છે અથવા તો સ્પષ્ટ રીતે અંકિત છે.